# મોડાસા તાલુકાના ભચડીયા અને દેસાઈપુરા ગામના ગ્રામજનોને તુટેલા ગરનાળાને લઈને પડતી હાલાકી

મોડાસા તા.૮

અરવલ્લી જીલ્લા ના મોડાસા થી ભચડીયા - દેસાઈપુરા થઈ ને હિમતનગર જોડતો એક શોર્ટકટ રસ્તો આવેલો છે. જેના ઉપર કુલ સાત ગરનાળા આવેલા છે. આ સાતેય ગરનાળા ઉપર ભુવા પડી ગયેલ હોવાને કારણે હાલ આ શોટકર્ટ રસ્તા ઉપર થી ફર વ્હીલર ચાલકો પસાર થઈ રકતા નથી જાયરે આ ગામના ગ્મજનો ધ્વારા માર્ગ અને મકાન વિભાગ માં છેલ્લા બે વર્ષ થી ફરીયાદ કરવામાં આવાવ છતાં જાણે તંત્ર ના પેટ નુ પાણી ના હલતુ હોય તેમ આજ દીન સુધી આ તો એટલે હદે તુટી ગયુ છે કે આ ગરનાળા ઉપર થી જો ટુ વ્હીલર પણ પસાર કરવુ હોય તો બે જણા બાઈક પર થી ઉતરી ને પસાર કરવુ પડે છે. ત્યારે પસાર થાય છે ત્યારે આ ગામના ગ્રામજનો ધ્વારા છેલ્લા બે વર્ષ થી માર્ગ અને મકાન વિધાગ માં લેખીત અને મૌખીક રીતે રજુઆત કરવામાં આવી પણ તંત્ર તરફથી ખોટા દીલાસાઓ આપતા ઓ ગ્મજનો દ્વારા મીડીયા નો સહારો લેવો પડયો હતો જયારે આ જ ગામના ધનજીભાઈ પટેલે જણાવ્યુ હતુ કે હવે મોડાસા શહરે એ જીલ્લાનુ વડુ મથક બન્યુ છે ત્યારે મોડાસા જવા માટે આ તુટેલ



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ગરનાળા રીપેર કરવામાં આવ્યા નથી.

આ અંગે પ્રાપ્ત માહીત અનુસાર મોડાસા તાલુકાના મોહનપુરા કંપા થઈ ને ભચડીયા થી દેસાઈપુરા જતા રોડ ઉપર કુલ સાત ગરનાળા આવેલા છે. આ બભા ગરનાળા ઉપર મોટા મોટા ભુવા પડી ગયેલા છે ત્યારે આ ગરનાળાઓમાં ૪ નંબર નુ ગરનાળુ ગરનાળા ને લઈ ને ૨૦ કી.મી વધારે ફરીને જવુ પડે છે. જેના કારણે પૈસા અને સમય બન્ને નો ખર્ચ થઈ રહયો છે. ત્યારે આ રસ્તો ૨૦ થી ૨૫ જેટલા ગામો નેજોડતો છે તો તંત્ર ધ્વારા તાત્કાલીક ધોરણે આ ગરનાળા ઓ નુ સમારકામ કરાવામાં આવે નહી તો ગ્મજનો ધ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# મોડાસાનાં શોપીંગ સેન્ટરમાં મોતના ભય હેઠળ ધંધો કરતા વેપારીઓ

## લક્ષ્મી શોપીંગ સેન્ટર પાણીમાં ગરકાવ અને ખુલ્લા વીજ કેબલોને લઈને વેપારીઓ ચિંતીત

મોડાસા, તા.૮

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેર માં બસ સ્ટેશન ના સામે આવેલ વર્ષો થી પાણી ભરાય છે. અને જી.ઈ.બી.ના ખુલ્લા કનેકશન લગાવામાં આવ્યા છે જેના સામે તંત્ર ભાગે ગેસ્ટ હાઉસ વચ્ચેના ચાગે દવાખાના અને હોટલો આવેલી છે જયારે નીચેના ભાગે મોબાઈ ની પુલ હલય તેવુ દ્રશ્યમાન થાય છે આ ભોયરા માં થી પાણી ખાલી કરવામાં આવે છે પરંતુ પાણી દુટતુ જ નથી કનેકશન એ રીતે ખુલ્લા આપવામાં આવ્યા છે કે કોઈ નીચે થી ઉભો રહી હાથ .ચો કરે તો પણ એ મોત ના મો





(તસવીર : સમીર બલોચ, મોડાસા)


લક્ષ્મીશોપીગ સેન્ટર એટલે મોબાઈલ બજાર તરીકે ઓળખાય છે આ શોપીગ સેન્ટર રોજ ના હજારો લોકોની અવર જવર અને ચીડ હોય છે ત્યારે આ શોપીંગ સેન્ટર ના ભોયરા ના ભાગે ને જોવાની પણ તસ્દી નથી.

મોડાસા બસ સ્ટેશન બીલકુલ સામે જુનુઅને જાણીતુ લક્ષ્મી શોપીંગ સેન્ટર આવેલુ છે આ શોપીગ સેન્ટર કુલ ચાર માળ નુ છે જેમાં ઉપર ના દુકાનો અને છેલ્લે ભોયરુ આવેલી છે આ ભોયરા ની દુકાનો હજુ સુધી ખુલી જ નથી કારણ કે આ ભોયરા માં ચોમાસુ હોય કે ના હોય અહીયા પાણી ભરાયેલુ રહે છે અને જાણે કે સ્વીકીગ જયારે આ શોપીગ ના પાયા વધારે ટાઈમ પાણી માં રહેવાને કારણે લોકો ને શોપીગ તુટી પડવાનો ભય સતાવી રહયો છે. જયારે બીજી બાજુ યુ.જી.વી.સી.એલ ધ્વારા લાઈટ ના મો ધકેલાઈ જાય તેવુ દેખાય છે ત્યારે શુ તંત્ર ધ્વાર કઈ મોટી જાનહાની થાય તેની રાહ જોવાઈ રહી છે???? કે પછસ ભ્રષ્ટ કર્મચારીઓ ને આ શોપીગ સમો જોવાનો સ્રૂમય જ નથી.

## શ્રેષ્ઠ પરિણામ બદલ ૪૧,૦૦૦ શિષ્યવૃત્તિ

ગાંધીનગર, તા. ૮

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજનો વિજ્ઞાન પ્રવાહનો ભૂતપુર્વ



વિદ્યાર્થી આશિષ જૈનને રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા સ્વ. ધીરૂભાઈ અંબાણી શિષ્યવૃત્તિ સ્વરૂપે ૪૧,૦૦૦ હજાર રૂપિયા આપવામાં આવ્યા છે. ગત માર્ચમાં લેવાયેલ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ મેળવ્યું હતું. મેડીકલ કોલેજમાં પ્રવેશ મેળવનાર આશિષને શાળા પરિવાર અને આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણીએ અભિનંદન પાઠવ્યા છે.





વડાગામે હિરાખાડીકંપા જલારામ સેવા સમિતિ દ્વારા બહેનો માટે શ્રાવણ માસ દરમિયાન ભજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ભજન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલાઓ જોડાઈ હતી. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)



રક્ષાબંધન પર્વને આડે એક દિવસ બાકી છે, છતાં હજુ બજારમાં ગ્રાહકોની રાખડી ખરીદવા ભીડ જોવા મળતી નથી... જેમ જેમ પર્વો નજીક આવે છે તેમ તેમ ગ્રાહકોમાં મોંઘવારીની સાથે તહેવારમાં મીઠાશના બદલે મોળાશ જોવા મળી રહી છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ચોઈ કોન્ડો સ્પર્ધામાં વિજેતા

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે જિલ્લાકક્ષાની અન્ડર-૧૯ ચોઈ કોન્ડો સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ચૌધરી હિના બી., ચૌધરી વિધિ આઈ., મુન્ની જે., કોમલ વી., હિના જી. ચૌધરી, ચૌધરી કિંજલ કે., ચૌધરી હિતેષા એસ., ચૌધરી રિપલ પી., ચૌધરી વર્ષા ડી., ચૌધરી ભારતી સી. આચાર્ય શ્રી સંતોકબેન તથા વ્યાયામ શિક્ષકશ્રી લીલાબેન તથા શાળા પરિવાર અભિનંદન પાઠવ્યા હતા.

## જિલ્લા રોજગાર કચેરી દ્વારા મહિલાઓ માટે રોજગાર ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા જિલ્લાની બહેનો માટે ખાસ આગામી તા. ૧૧ મી ઓગસ્ટે સેક્ટર-૧૨ બલરામ ભવન પરિસર ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અન્વયે ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તા. ૧૧મી ઓગસ્ટ-૨૦૧૪ ને સવારે ૧૧.૦૦ કલાકે બલરામ ભવન પરિસર સેક્ટર-૧૨ ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. વ્યવસાય માર્ગદર્શન યોજીનો નોકરીદાતા તથા રોજગાર વાચ્છુ વચ્ચે સેતુરૂપ બનવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ સેમિનાર રોજગાર મેળામાં ૧૮ થી ૩૫ વર્ષ વચ્ચેની ધોરણ-૫ થી ૯, એસ.એસ.સી. અને એચ.એસ.સી. પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતી મહિલાઓને સ્વખર્ચે હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ ભરતી મેળા અંગેની વધુ વિગતો માટે જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર 'ડી' બ્લોક, બીજો માળ, મહાનગર સેવા સદન, પથિકાશ્રમ પાસે સે. ૧૧ ગાંધીનગર ખાતે અથવા ફોન નં. (૦૭૯)૨૩૨-૫૯૦૭૮/૭૯/૮૦ ઉપર સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

## ઉમા મહિલા કોલેજની વિદ્યાર્થીઓની સિદ્ધિ

ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં ગુજરાત ગર્લ્સ બટાલીયન ખાતે એન.સી.સી.નું સી.એ.ટી.સી. કેમ્પનું ૧૦ દિવસનું આયોજન કરાયું હતું. જેમાં કોલેજની વિદ્યાર્થીની કુમારી પલક જોષી, ઝાલા અનિલા, પરમાર આરતી, પંડ્યા અર્ચના તથા પરમાર પાયલે વક્તૃત્વ, નિબંધલેખન, પરેડ તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ તથા બ્રોન્ઝ મેડલ મેળવેલ હતા. કોલેજ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ છે.

## શિવ ગોરક્ષ એનર્જી દ્વારા ધ્યાનયોગ શિબિર

શિવ ગોરક્ષ એનર્જી હાઉસ દ્વારા મફત ધ્યાનયોગ શિબિર યોજવામાં આવશે. શિબિરમાં શારીરિક, માનસિક, ભૌતિક સમસ્યાઓને સંતુલિત કરી આધ્યાત્મિક શાંતિ મેળવવાના પ્રયોગ કરાવવામાં આવશે. તેમજ માથાનો દુ:ખાવો, અનિદ્રા, કિડની ઈન્ફેક્શન, ધૂંટણનો દુ:ખાવો, શ્વાસની સમસ્યા, માનસિક તનાવ, વ્યસન, ચિત્તવાયુ, ભય જેવી અનેક સમસ્યાઓનું નિરાકરણ લાવતા પ્રયોગ કરાવવામાં આવશે. શિબિર પ્લોટ નં. ઈ-૧૬૩ ની પાસે, વીડીયોકોન પાછળ યોજાશે.

## મહાનગરને વિકાસ માટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂા. ૬૧ કરોડ, રાજકોટને રૂા. ૨૦૧ કરોડ, ભાવનગર માટે રૂા. ૧૩૧ તથા જામનગર માટે રૂા. ૧૧૭ કરોડ, જુનાગઢને રૂા. ૬૧ તેમજ ગાંધીનગરને રૂા. ૩૮ કરોડ ફાળવાયા છે. વિકાસ કામોની આ ફાળવણીઓમાં અમદાવાદ મહાનગરપાલિકાને વીએસ હોસ્પિટલ ખાતે ૩૦૦ સ્ટુડન્ટની કેપેસીટીની ગર્લ્સ હોસ્ટેલ તથા એલજી હોસ્પિટલ કેમ્પસમાં નવી મેડીકલ કોલેજ માટે બહુમાળી યુજી હોસ્ટેલ તથા ઓડેટોરિયમ બનાવવાના કામ માટે રૂા. ૧૦૦ કરોડ, વડોદરા મહાનગરપાલિકાને આજવા નિમેટાપાણી પુરવઠા પ્રોજેક્ટ માટે રૂા. ૪૫ કરોડની ફાળવણી અને જુનાગઢ મહાનગરપાલિકાને ભૂગર્ભ ગટર યોજના માટે રૂા. ૧૦ કરોડની ફાળવણી સુચવવામાં આવી છે. આ ફાળવણીમાં વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગર શહેરોમાં રીંગ રોડ બનાવવાના કામોનો પણ સમાવેશ થાય છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામો માટે મહાનગરપાલિકાઓને વર્ષ ૨૦૧૪-૧૫માં રૂા. ૨૦૦ કરોડ જોગવાઈ કરવામાં આવી છે. આ સંદર્ભમાં મહાનગરપાલિકાઓએ દરખાસ્ત કરવાની રહેશે.

## ઈન્સ્પેક્શન માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાલિમનો રિફ્રેશ કોર્સ તૈયાર કરવામાં આવ્યો હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ એ મેડીકલ કોલેજ સાથે સંકળાયેલી છે. ૪૫૦ થી પણ વધુ બેડની સુવિધા ધરાવતી આ જિલ્લાની સૌથી મોટી હોસ્પિટલ છે. મેડીકલ કોલેજ સાથે સંકળાયેલી હોય અને એન.એ.બી.એચ. પ્રમાણપત્ર ધરાવતી હોય તેવી એક માત્ર હોસ્પિટલ છે.

## ભારતીય સાંસ્કૃતિકનો વારસો... ● બીજા પાનાનું ચાલુ

'તેજોમય ભારત'ના લેખક-પ્રકાશકનો નથી, નાકનાં ટેરવાં ચડાવનારાઓના અજ્ઞાનનો છે. એમના અજ્ઞાનને દૂર કરવા માટે સરકાર અને સુજ્ઞજનોએ 'તેજોમય ભારત' અને 'વૈદિક-ગણિત'ના વર્ગોનું આયોજન સૌપ્રથમ તો શાળેય શિક્ષકો માટે કરવાની જરૂર છે એવા અમારા પીએચ.ડી.ના વિદ્યાર્થી અને ઈતિહાસના અધ્યાપક પ્રા. અંકિત પટેલની વાત સાથે અમે શતપ્રતિશત સંમત છીએ. રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ અને પાઠ્યપુસ્તક મંડળે પણ આ દિશામાં પગલાં લેવાની તૈયારી રાખવી ઘટે.

'તેજોમય ભારત' વિશે કહીએ તેટલું ઓછું છે. બીજા 'વૈદિક ગણિત'ના ૧૯૮ પાનાંનાં પુસ્તકને આવકરાતાં શિક્ષણ રાજ્ય મંત્રી પ્રા. વસુબહેન ત્રિવેદીએ નોંધેલા શબ્દો કાંઈક આવા છે: 'આદ્યગ્રંથ વેદમાંથી પ્રવાહિત થયેલાં ૧૬ સૂત્ર ગઠિત અતિ સરળ અને સુયોજિત ગણિતશાસ્ત્રની પદ્ધતિને વૈદિક ગણિત કહે છે. ૧૯૧૧ થી ૧૯૧૮ દરમિયાન (પુરીના શંકરાચાર્ય) શ્રી ભારતીકૃષ્ણતીર્થજી દ્વારા વેદમાંથી સંશોધન કરીને પુન: જીવિત કરાયેલી પ્રાચીન ગણિતશાસ્ત્ર પદ્ધતિને વૈદિક ગણિત નામ આપવામાં આવ્યું છે'.

'આપણે ભારતભૂમિ કહેવું જોઈએ, નહીં કે ઈન્ડિયા. અંગ્રેજો પાસે આપણા દેશનું નામ બદલવાનો શો અધિકાર હતો? આપણે આ કાવતરામાં ફસાયા વિના આપણા દેશના આત્માને ઓળખવો જોઈએ'. 'તેજોમય ભારત'માં આ વાત કરવામાં આવી હોય તો ખોટું શું છે? હા, અંગ્રેજો આપણા માલિક થઈ ગયા હતા અને તેમણે ભારત વર્ષ કે ભારતભૂમિનું 'ઈન્ડિયા' કરી નાંખ્યું, પણ ૧૯૪૭માં એમના ગયા પછી આજ દિન સુધી આપણા દેશનું નામ એવું જ અથવા વધુ વિકૃત 'ઈન્ડિયા ધેટ ઈઝ ભારત' રહ્યું છે. માન્યામાં ના આવે તો બંધારણ વાંચી લેવું. કાં તો એને 'ભારત' કરવામાં આવે કે પછી બીજું કોઈ યોગ્ય ગૌરવવંતુ નામ આપવું. બ્રહ્મદેશ કે બર્મા આજે મ્યાનમાર છે. નામાંતર કરવાનું અશક્ય નથી.

તેજોમય ભારતની પવિત્ર નદીઓ, સાત પર્વતો, સાત મોક્ષદાયિની નગરીઓ, પાંચ સરોવરો, દ્વાદશ જ્યોતિર્લિંગ, ચાર ધામ, શક્તિપીઠો, ભારતના સંતો, શિક્ષણશાસ્ત્રીઓ, પરાક્રમી પૂર્વજો, જ્ઞાન-વિજ્ઞાનની શોધો, ભારતીય ઉત્સવો,નારીરત્નો વગેરેની વાત નોંધાઈ છે. તેજોમય ભારતમાં માત્ર હિંદુ ઉત્સવોનો જ ઉલ્લેખ કરવામાં આવે ત્યારે મુસ્લિમ, ઈસાઈ ધર્મના ઉત્સવોને ટાળવા ના જોઈએ એવું લાગ્યા વિના રહેતું નથી. જ્ઞાન માર્ગ, કર્મમાર્ગ, યોગમાર્ગ અને ભક્તિમાર્ગ સહિતના ભારતના જીવનદર્શનનો પણ અહીં સુપેરે ઉલ્લેખ છે. ૧૪ ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે પાકિસ્તાન જન્મ્યું અને ભારત ખંડિત થયું. એની સ્મૃતિમાં 'અખંડ ભારત સ્મૃતિદિન' મનાવીને ફરીને 'અખંડ ભારત'ની ગાંધીજી કે મૌલાના આઝાદ કે પછી ખાન અબ્દુલ ગફારખાનની કલ્પનાને મૂર્તિમંત કરવાનો સંકલ્પ કરવો અસ્થાને નહીં ગણાય.

પુસ્તકમાં લોકનાયક જયપ્રકાશ નારાયણના શબ્દો ટાંકવામાં આવ્યા છે: 'ભારત, પાકિસ્તાન અને બાંગલાદેશ એ ત્રણ રાજ્યો છે, પણ આ ત્રણેય મળીને એક રાષ્ટ્ર છે.' એમાં સુંદર ઉમેરણ કરતાં પૂર્વ વડાપ્રધાન અને પ્રખર કવિ અટલબિહારી વાજપેયીની 'ભારતમાતાનું દિવ્યસ્વરૂપ' પ્રગટ કરતી કવિતા 'હમારા દેશ યહ કોઈ ભૂમિકા ટુકડા નહીં હૈ, યહ તો જીતા-જાગતા રાષ્ટ્રપુરુષ હૈ'ને યોગ્ય રીતે આમેજ કરી છે. શૂન્યની શોધ, દશાંશ પદ્ધતિની શોધ, બીજગણિત, ત્રિકોણમિતિ, પાઈની કિંમત સાથે જ શ્રીનિવાસ રામાનુજન આયંગાર જેવા આધુનિક ગણિતશાસ્ત્રીનો પરિચય કરાવાયો છે. ઋગ્વેદની ઋચાઓમાં 'અનશ્વરથ' એટલે કે ઘોડાઓ વગર ચાલતા યંત્ર-રથ કે પછી વિમાનની વાતની ઠેકડી ઉડાવનારાઓના જ્ઞાનની દયા આવ્યા વિના રહેતી નથી. સંસ્કૃત માત્ર ભારતીય ભા"ાાઓની જ નહીં, ઈન્ડો-યુરોપિયન ભાષાઓની પણ જનની છે અને કૉમ્પ્યૂટર માટે સૌથી યોગ્ય ભાષા છે. અજ્ઞાન વિશ્લેષકો એનો ઉપહાસ કરે ત્યારે આપણી ફરજ બને છે કે આવા અજ્ઞાનીઓનાં બંધનેત્રોને ખોલવા પ્રયાસ કરીએ. કરુણા એ વાતની છે કે સમગ્ર વિશ્વ ભારતીય જ્ઞાન-સંસ્કૃતિ જાણવા ઉત્સુક છે, ત્યારે આપણે ત્યાં આપણને એ વિશે અંધકારયુગમાં ધકેલવાના પ્રયાસ થઈ રહ્યા છે. આ તબે સમગ્ર રાષ્ટ્રે જાગવાની જરૂર છે. સ્વામી વિવેકાનંદના કથનનું સ્મરણ થાય છે: 'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.' (સંપૂર્ણ)

(લેખક ડૉ. હરિ દેસાઈ વરિષ્ઠ પત્રકાર અને સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપના નિયામક છે.)

## શબ્દાવલી - ૫૪૭૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ૫ | |
| ૬ | | ■ | ■ | ૭ | | | ■ |
| ૮ | | ■ | ૯ | | ■ | ૧૦ | ૧૧ |
| ■ | ૧૨ | ૧૩ | | | ■ | ૧૪ | |
| | ■ | ૧૬ | | ■ | ૧૭ | | |
| ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | | ■ | |
| ૨૧ | | | ■ | ૨૨ | | ૨૩ | ■ |
| ■ | ૨૪ | | ■ | ૨૫ | | | ■ |

### આડી ચાવી

૧. નિયમ (હિન્દીમાં) (૩)
૩. વેલવેટનું કાપડ (૪)
૬. 'પણ'નું ઊંધુ (૨)
૭. સોગંધ, કસમ (૩)
૮. પાન, પત્તું (૨)
૯. દુ:ખ, ગમગીની (૨)
૧૦. રાજા, ફરિયાદ (૨)
૧૨. આખો દિવસ ખાધા કરે તેવું (૪)
૧૬. મોકો, દાવ (૨)
૧૭. અસલ (વતની) સ્વદેશનું(૩)
૧૮. છાપરા (૩)
૨૦. થોડુંક પણ (૩)
૨૧. થોડુંક પણ (૩)
૨૨. શિખ ધર્મના સ્થાપક ગુરૂ (૩)
૨૪. પરંતુ (૨)
૨૫. ખેતીનું એક સાધન (૩)

### ઊભી ચાવી

૧. ખોટ, ખામી, કમી (૩)
૨. રાવણની બહેન (૪)
૩. મશ્કરી કરે તેવું (૪)
૪. જરૂર, ગરજ (૨)
૫. માથાનો ભાગ, આબરૂ(૫)
૯. શોધ કરનાર (૩)
૧૧. વહીવટ ને લગતું (૪)
૧૩. ઉત્તરાણ, મકરસંક્રાંતિ (૫)
૧૫. આવક, ઉપજવું (૩)
૧૭. રાષ્ટ્રીય (૪)
૧૯. એક દમ મારેલી ઝુંટ (૩)
૨૦. આશ્રય, આશરો (૩)
૨૩. હાથ, વેરો (૨)

### શબ્દાવલી ૫૪૭૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) પરવશ (૪) વસુધા (૬) શીકર (૮) કમંડળ (૧૦) રદ (૧૧) સાપ (૧૨) રટણ (૧૪) સાચવણ (૧૬) કચુકા (૧૭) મારીચ (૧૯) કસદાર (૨૨) ઢગલો (૨૩) મત

**ઊભી ચાવી :-** (૧) પરોપકાર (૨) વશીકરણ (૩) શકમંદ (૫) સુખ (૭) રડ (૯) લીપણ (૧૧) સાવ (૧૩) ટપોરી (૧૪) સાચુકલો (૧૫) ચકાસ (૧૭) માર્કો (૧૮) ચઢ (૨૦) દામ (૨૧) રત

## જાહેરાત ક્રમાંક : હરાજી/૭/૨૦૧૪-૧૫, તા.૮/૮/૧૪

નાયબ વન સંરક્ષકશ્રી, ગાંધીનગર દ્વારા નીચે જણાવેલ ગ્રામ તથારોડ સાઈડના ઉભા વૃક્ષોની જાહેર હરાજી ટેન્ડર પદ્ધતિથી કરવાની થતી હોઈ ઈજારદારો પાસેથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેનું ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીમાંથી રૂ. ૧૫૦/- ભરી તા. ૨૨/૮/૨૦૧૪ સુધી મેળવી શકાશે. ભરેલ ટેન્ડર ફોર્મની ડિપોઝીટની રકમ ૨૫૦૦૦/-ના ડ્રાફ્ટ સાથે તા. ૨૫/૮/૨૦૧૪ના રોજ ૧૫-૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં નાયબ વન સંરક્ષકશ્રી, ગાંધીનગર વન વિભાગ, ઘ-૪ નર્સરી, સેક્ટર-૧૭, ગાંધીનગરની કચેરીને મળે તે રીતે મોકલી આપવાના રહેશે અને તા. ૨૫/૮/૨૦૧૪ના રોજ ૧૬-૦૦ કલાકે માંગણીદારોની હાજરીમાં ટેન્ડર ખોલવામાં આવશે. હરાજીની શરતો ટેન્ડર ફોર્મ સાથે આપવામાં આવશે. આવેલ બધા ટેન્ડરો અથવા તે પૈકીનું કોઈપણ એક ટેન્ડર કારણો વગર સ્વીકારવા કે અંશતઃ સ્વીકાર કરવાનો, અગર તો હરાજી રદ કરવાનો નાયબ વન સંરક્ષકશ્રીને અબાધિત હક્ક રહેશે.

તા. ૩૧/૭/૨૦૧૪ના રોજ રદ કરેલ ઉપરોક્ત હરરાજી માટે અગાઉ જે ઈસમોએ ટેન્ડર ફોર્મ ખરીદ કરેલ છે તે ઈસમોને જુનું ટેન્ડર રજૂ કર્યેથી નવું ટેન્ડર ફોર્મ વિના મૂલ્યે આપવામાં આવશે.

| ક્રમ | ગ્રામવન રોડ સાઈડનું નામ | સંબંધિત પ.વ.અ.શ્રીની કચેરીનું સરનામું | વૃક્ષોની સંખ્યા | નીકળનાર અંદાજીત મુદ્દામાલ | |
|---|---|---|---|---|---|
| | | | | ઈમારતી ઘ.મી. | જલાઉ ઘ.મી. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | અમરાભાઈના મુવાડા પિયત ગ્રામવન ભાગ-૧ | પરીક્ષેત્ર વન અધિકારીશ્રી દહેગામની કચેરી | ૪૭૧ | ૪૦.૭૧૭ | ૫૯૫.૭૫૦ |
| ૨. | અમરાભાઈના મુવાડા પિયત ગ્રામવન ભાગ-૧ (અ) | -"- | ૪૩૯ | ૩૮.૦૧ | ૫૫૨.૫૦૦ |
| ૩. | અમરાભાઈના મુવાડા પિયત ગ્રામવન ભાગ-૨ | -"- | ૩૦૫ | ૩૫.૭૯૧ | ૪૬૦.૫૦૦ |
| ૪. | અમરાભાઈના મુવાડા પિયત ગ્રામવન ભાગ-૨ (અ) | -"- | ૩૫૫ | ૫૫.૮૦૪ | ૬૨૯.૫૦૦ |
| ૫. | હાલીસા વી.એફ. | -"- | ૬૯૫ | ૨૨.૦૪૫ | ૮૧૭.૦૦૦ |
| ૬. | ગ્રામભારતી-ઈશ્વરપુરા | પરીક્ષેત્ર વન અધિકારીશ્રી માણસાની કચેરી | ૨૮૫ | ૪૮.૬૧૭ | ૬૩૪.૮૫૦ |
| ૭. | ઈશ્વરપુરા-આશ્રમ ચોકડી | -"- | ૪૦૩ | ૮૧.૯૫૩ | ૭૦૫.૨૦૦ |
| ૮. | પેથાપુર-મકાખાડ-મહુડી | પરીક્ષેત્ર વન અધિકારીશ્રી કલોલની કચેરી | ૧૧૦ | ૧૦.૩૯૩ | ૧૪૯.૫૦૦ |
| ૯. | પેથાપુર-મકાખાડ-મહુડી | પરીક્ષેત્ર વન અધિકારીશ્રી બોરીજની કચેરી | ૩૫૨ | ૯૮.૬૫૫ | ૪૦૬.૬૦૦ |

સહી/- (પી.વી. રાવલ)
નાયબ વન સંરક્ષક
ગાંધીનગર

માહિતી/૯૩૯/૧૪-૧૫

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
VINAYAK500
TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ